હજાર સાતસો છાસઠ અને ત્રેસઠ પૈસા) બાકી લેણા રહે છે. દાવા અરજીના પેરા–૬ માં જણાવ્યા મુજબના અમો વાદીના પ્રતિવાદી પાસે બાકી રહેતા લેણા નાણા રૂા.૧૪,૭૬૬.૬૩ પૈસા (અંકે રૂપિયા ચૌદ હજાર સાતસો છાસઠ અને ત્રેસઠ પૈસા) પુરાની રકમ વસુલ થતા સુધીના વાર્ષિક ૧૬% ના ચઢતા વ્યાજસહ તથા આ દાવાના તમામ ખર્ચસહ પ્રતિવાદી ની જાત –વ–હરેક મિલકતથી વસુલ અપાવો.

(૨) આ કામે દાવો દાખલ થતા, આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ કાઢવામાં આવેલ, જેની ધોરણસર પ્રતિવાદીને બજવણી થઈ ગયેલ હોવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના તરફે કોઈ વકીલ હાજર રહેલ નથી કે કોઈ અરજી કે દાવાનો જવાબ રજુ કરેલ નથી અને વાદી તરફે આંક–૦૯ થી સદર કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવા અરજ કરતા, સદર અરજી લગત તા.૦૯–૧૨–૨૦૨૫ ના રોજ થયેલ હુકમ મુજબ હાલનો દાવો પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) આ કામે વાદી સંસ્થા તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ થયેલ છે:–

**–:: મૌખિક અને દસ્તાવેજી પુરાવો ::–**

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક નંબર |
|---|---|---|
| ૧ | વાદી તરફે સાહેદ કલ્પેશકુમાર ચંદુલાલ પટેલ,<br>નાયબ ઈજનેર, સમીનાઓનું સરતપાસનું સોગંદનામું | ૧૧ |
| ૨ | પરફોમા નં.૧૨ ની તમામ હીસ્ટ્રી અસલ. | ૧૩ |
| ૩ | બ્રીફ હીસ્ટ્રી ઓફ કેસ અસલ. | ૧૪ |
| ૪ | સબમીટેડ ફોર્મ અસલ. | ૧૫ |
| ૫ | તપાસણી અહેવાલ અસલ | ૧૬ |
| ૬ | વીજ ચોરીના ગુના અંગેનું પુરવણી બીલ અસલ | ૧૭ |
| ૭ | પુરવણી બીલ અસલ | ૧૮ |
| ૮ | વીજ ચોરીના ગુના અંગેનું પુરવણી બીલ અસલ | ૧૯ |
| ૯ | કમ્પાઉન્ડીંગ ચાર્જીસ નીચે સેકસન –૧૩૫ અસલ | ૨૦ |
| ૧૦ | વાદીએ પ્રતિવાદીને આપેલ નોટીસની સ્થળ પ્રત | ૨૧ |

